ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ (માલધારી) જાતિના તા. ૨૯/૧૦/૧૯૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા બાબતની કમિટીની રચના કરવા બાબત.

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક :અજપ/૧૦૨૦૦૮/૬૭૧/ચ(પાર્ટ ફાઇલ)

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૧૯/૦૯/૨૦૨૦

**વંચાણે લીધા :-**

૧) ભારતના રાષ્ટ્રપતિના 'ધ શિડ્યુલ્ડ કાસ્ટસ એન્ડ શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ લીસ્ટસ(મોડિફિકેશન) ઓર્ડર '૧૯૫૬' પ્રસિધ્ધ કરતું ભારત સરકારના ગૃહ મંત્રાલયનું તા.૨૯/૧૦/૧૯૫૬નું જાહેરનામું.

૨) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૧/૦૧/૨૦૧૦નો ઠરાવ.

૩) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૪/૦૮/૨૦૨૦નો ઠરાવ.

૪) શ્રી એ.પી.ત્રિવેદી, માન.નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશશ્રીનો તા.૨૧/૦૮/૨૦૨૦નો પત્ર.

૫) શ્રી ડી.સી.શાહ, માન.નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશશ્રીનો તા.૨૫/૦૮/૨૦૨૦નો પત્ર.

**આમુખ:**

ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી,ભરવાડ અને ચારણ(માલધારી)જાતિના તા.૨૯/૧૦/૧૯૫૬ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા અંગેની બાબતે ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: (૩)પરના ઠરાવથી શ્રી ડી.જી.કારીયા, માન.નિવૃત્ત ન્યાયાધીશશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદના અધ્યક્ષસ્થાને એક સમિતિની રચના કરવામાં આવેલ. જેમાં વંચાણે લીધેલ ક્રમાંક: (૪) અને (૫) ના પત્રોથી અનુક્રમે શ્રી એ.પી.ત્રિવેદી, માન.નિવૃત્ત ન્યાયાધીશશ્રી અને શ્રી ડી.સી.શાહ, માન.નિવૃત્ત ન્યાયાધીશશ્રીએ સદર કમિટીમાં કામ કરવા માટે અંગત કારણોસર અસમર્થતા દર્શાવેલ છે. જેથી અસમર્થતા દર્શાવેલ જિલ્લા ન્યાયધીશોશ્રીઓના બદલે અન્ય સભ્યોની નિમણૂક કરવાની તેમજ કમિટીનું કાર્યમથક રાજકોટના બદલે અમદાવાદ/ગાંધીનગર રાખવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સક્રિય વિચારણાને અંતે ગીર , બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારોમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ ( માલધારી ) જાતિના તારીખ ૨૯/૧૦/૧૯૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવાની "કમિટી"માં શ્રી એ.પી.ત્રિવેદી, માન.નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશશ્રી અને શ્રી ડી.સી.શાહ, માન.નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશશ્રીની જગ્યાએ (૧) શ્રી કમલેશકુમાર આઇ.કાછીયા,માન.નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશશ્રી અને (૨) શ્રી ઇશ્વરસિંહ બી.વાઘેલા, માન.નિવૃત્ત પ્રિન્સીપાલ જિલ્લા ન્યાયાધીશશ્રીની નિમણૂક કરવામાં આવે છે.

તેમજ “કમિટી”નું કાર્યમથક (Head Quarter) રાજકોટના બદલે અમદાવાદ/ગાંધીનગર રાખવાનું ઠરાવવામાં આવે છે. પ્રસ્તુત “કમિટી”અંગેની અન્ય શરતો વિભાગના તા.૦૪/૦૮/૨૦૨૦ના ઠરાવની જોગવાઇઓ મુજબ રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારની તા. ૦૯/૦૯/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.આર.ડોડીયા)
સરકારના સંયુક્ત સચિવ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રી ના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (રા.ક.) આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી,બ્લોક નં. ૧, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી ડી.જી.કારીયા, માન. નિવૃત્ત ન્યાયમૂર્તિ , હાઇકોર્ટ, બંગલો નં.૧૨, સર્વોત્તમ નગર, મેમનગર ફાયર સ્ટેશનની સામે, હાટકેશ્વર સોસાયટીની પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪.
  ૨. D-101, Defence Colony, Ground floor, New Delhi-110024.
- શ્રી એ.પી. ત્રિવેદી, માન.નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશ (મારફત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.)
- શ્રી ડી.સી.શાહ, માન.નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશ (મારફત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.)
- શ્રી કમલેશકુમાર આઇ.કાછીયા, માન.નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશ,એ/૫૦૧, પારસ ગેલેક્ષી, હરિ દર્શન ક્રોસ રોડ, નરોડા, અમદાવાદ.
- શ્રી ઇશ્વરસિંહ બી. વાંધેલા, માન.નિવૃત્ત પ્રિન્સીપાલ જિલ્લા ન્યાયાધીશ, એચ/૧૧, પાર્શ્વનાથ ટાવર, સુભાષ ક્રોસ રોડ નજીક, ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
- શ્રી બી.કે.કુમાર નિવૃત્ત આઇ.એ.એસ. (મારફત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.)
- શ્રી આર.ડી.કટારા, નિવૃત્ત નાયબ વન સંરક્ષકશ્રી, (મારફત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.)
- પ્રો.જે.સી.પટેલ, અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. (મારફત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.)
- શ્રી સી.આર.સંગાડા, નિવૃત્ત અધિક કલેક્ટરશ્રી(મારફત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.)
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.

- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, સચિવાલય, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ , બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ, બ્લોક નં.૧૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવદ.
- નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીની કચેરી, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર